ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ શહેરી
તેમજ ગ્રામ્ય વિસ્તારમાં મકાન સહાય
તેમજ ટોયલેટ સહાય ચુકવવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અબડ/૧૨૨૦૧૭/૯૬૨/હ
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૪/૨૦૧૮
20 APR 2018

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં તા.૦૮/૦૬/૨૦૦૫ નાં ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં તા.૦૧/૦૨/૨૦૧૩ નાં સુધારા ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૧૨-૮૫૫૮૮૯-હ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં તા.૧૪/૦૮/૨૦૧૪ નાં ઠરાવ ક્રમાંક: હસલ/૧૨૨૦૧૩ /૮૭૩૦૭૫/હ

(૪) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરનાં તા: ૦૭-૧૧-૨૦૧૭ નાં પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૧૭/૫૬૪૧-૫૬૪૨

(૫) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરનાં તા: ૦૨-૦૨-૨૦૧૮ નાં પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૧૮/૭૩૧

આમુખ :

આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૦૮/૦૬/૨૦૦૫ ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અનુસૂચિત જાતિના લોકોને માટે મકાન સહાય માટે ડૉ.આંબેડકર આવાસ યોજનાનો અમલ કરવામાં આવે છે. આ યોજના હેઠળ રૂ.૪૦,૦૦૦/- મકાન સહાય આપવામાં આવતી હતી. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક:(૨) પરના આ વિભાગના તા.૦૧/૦૨/૨૦૧૩ ના ઠરાવ અન્વયે રૂ.૪૫,૦૦૦/- કરવામાં આવેલ ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના આ વિભાગના તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવથી સહાયનું ધોરણ રૂ.૪૫,૦૦૦ થી વધારી ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૭૦,૦૦૦/- કરવામાં આવેલ હતું.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અમલિત ડૉ.આંબેડકર આવાસ યોજનામાં શહેરી વિસ્તારમાં રૂ.૪૫,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૭૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે. જ્યારે ભારત સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રૂ.૧.૨૦ લાખ સહાય આપવામાં આવે છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની સમાન પ્રકારની યોજનાઓ વચ્ચે વિસંગતતા દૂર કરવા અંગે અનુસૂચિત જાતિના ધારાસભ્યો અને આગેવાનો દ્વારા માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ને રજૂઆતો કરવામાં આવેલ હતી. જે અન્વયે વંચાણે લીધેલ

ક્રમાંક : (૩) અને (૪) પરના પત્રોથી નિયામકશ્રી (અ.જા.ક.) એ આ વિસંગતતા દૂર કરવા અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલિત ડૉ.આંબેડકર આવાસ યોજનામાં સહાયનાં ધોરણોમાં વધારો કરી રૂ.૧.૨૦ લાખ કરવા તેમજ ટોયલેટ સહાય રૂ.૧૨,૦૦૦/- આપવામાં આવે તે માટે દરખાસ્ત કરેલ હતી અને સને ૨૦૧૮-૧૯ માં વાર્ષિક લક્ષ્યાંક સંખ્યા ૨૭૮૦ નિયત કરવા જણાવેલ. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલિત ડૉ.આંબેડકર આવાસ યોજનામાં સને ૨૦૧૮-૧૯ માં વાર્ષિક લક્ષ્યાંક સંખ્યા ૨૭૮૦ ધ્યાને લઇ હાલનું સહાયનું ધોરણ શહેરી વિસ્તારમાં રૂ.૪૫,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૭૦,૦૦૦/- (અંકે રૂપિયા સિત્તેર હજાર પુરા) થી વધારીને શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં સમાન ધોરણે રૂ.૧,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ વીસ હજાર પુરા) કરવાનું નીચે જણાવેલ શરતોને આધિન ઠરાવવામાં આવે છે. વધુમાં શૌચાલય માટે જેમને રૂ.૧૨,૦૦૦/- (અંકે રૂપિયા બાર હજાર પુરા) ની સહાય મળવાપાત્ર હોય તેમને અલગથી તે યોજનાના નિયમો પ્રમાણે આપવી પરંતુ જો લાભાર્થીને શૌચાલય માટે સહાય ન મળવાપાત્ર હોય તો તેમણે ફરજીયાત રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાયમાંથી શૌચાલય બનાવવાનું રહેશે તેમ ઠરાવવામાં આવે છે. અત્રે એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે શહેરી વિકાસ વિભાગ હેઠળની કન્વર્ઝન કરાતી આવાસ યોજનાઓમાં પણ ફાળારૂપે કે અન્ય રીતે, ફાળો હોય ત્યાં ફાળાની મર્યાદામાં, લાભાર્થીને અપાતી પૂરક સહાયમાં પણ આ ઠરાવ લાગુ પડશે.

શરતો:-

(૧) આ ઠરાવનો અમલ ઠરાવ રવાના થયાની તારીખથી કરવાનો રહેશે.
(૨) આ યોજના અન્વયેની હાલની અન્ય તમામ શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.
(૩) આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જે તે સદર હેઠળ પાડવાનો રહેશે. અને તે સદર હેઠળ દર વર્ષે કરવામાં આવતી જોગવાઇઓમાંથી મેળવવાનો રહેશે.
(૪) આ અંગેનો ખર્ચ મંજૂર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં કરવાનો રહેશે.
(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૪/૦૩/૨૦૧૮ની તેમજ નાણા વિભાગની તા.૧૨/૦૪/૨૦૧૮ ની ફાઇલ ક્ર.: સશપ/૧૦૨૦૧૭/૨૬૨૯૧૮/અ૧ પરની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ સવિનય રવાના :

(૧) માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર
(3) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર
(૪) માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
(૫) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર
(૬) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદારભવન, ગાંધીનગર
(૭) તમામ માન.મંત્રીશ્રી/માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સરદારભવન, ગાંધીનગર
(૮) મુખ્ય સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સરદારભવન, ગાંધીનગર
(૯) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સર્વે વિભાગો), સરદારભવન, ગાંધીનગર
(૧૦) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
(૧૧) પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
(૧૨) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
(૧૩) નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), સરદારભવન, ગાંધીનગર
(૧૪) અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી(તમામ), સા.ન્યા.અને અ.વિ.
(૧૫) સર્વે ઉપ સચિવશ્રી, સા.ન્યા.અને.અ.વિ., સરદારભવન, ગાંધીનગર
(૧૬) સર્વે શાખાઓ, સા.ન્યા.અને.અ.વિ., સરદારભવન, ગાંધીનગર
(૧૭) નિયામકશ્રી (અ.જા.ક.), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર- જિલ્લા કક્ષાએ પરિપત્રિત કરવાની વિનંતી સહ
(૧૮) સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
(૧૯) સિલેક્ટ ફાઇલ-૨૦૧૮